| | |
|---|---|
| રજુ તારીખ : | ૨૩/૦૨/૨૦૨૬ |
| દાખલ તારીખ : | ૨૩/૦૨/૨૦૨૬ |
| ફેંસલ તારીખ : | ૧૬/૦૩/૨૦૨૬ |
| અવધિ : વર્ષ : માસ : દિવસ :<br>: ૦૦ : ૦૦ : ૨૧ : | |

## ભાવનગરના મે. ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

પરચુરણ ફોજદારી અરજી નં.૩૬૮/૨૦૨૬

આંક :

અરજદાર :- કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર
(બાળકિશોરનું નામ) સ./ઓ. દુલાભાઈ બાબુભાઈ પરમારનાં
કાયદેસરના વાલી પિતા દરજ્જે
દુલાભાઈ બાબુભાઈ પરમાર,
ઉ.વ.આ.૪૨, ધંધો-મમાલઢોરનો,
રહે. મું. રાજપરા(ઠાડચ), તા.પાલીતાણા,
જી.ભાવનગર.

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા :- (૧) શ્રી સરકાર,
(૨) મીનાબેન ડો./ઓ. લઘુભાઈ નારણભાઈ પરમાર,
ઉ.વ.આ.૪૭, ધંધો-ઘરકામ તથા વાસણનું,
રહે. મું. રાજપરા(ઠાડચ), તા.પાલીતાણા,
જી.ભાવનગર.

**બાબત : જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના જુવેનાઈલ ફોજદારી કેસ નં.૮૪/૨૦૧૮ નાં કામે આંક-૧ તળે થયેલ હુકમ સામે અપીલ દાખલ કરવામાં થયેલ ૨૯૪૦ દિવસનો વિલંબ માફ કરવાની અરજી.**

અરજદાર તર્ફે વિ.વ.શ્રી એસ.વાય.હમીરાણી.
સામાવાળાઓ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

**-: ચુ કા દો :-**

(૧) અરજદારની અરજી તથા અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલની મુખ્યત્વે હકીકત એવી છે કે, જુવેનાઈલ ફોજદારી કેસ નં.૮૪/૨૦૧૮ નાં કામે આંક–૧ તળે તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ધ્વારા કરવામાં આવેલ હુકમ બાબતે અરજદાર અજાણ હોઈ અને તેથી સદરહું કેસની નામ. સ્પેશ્યલ ચિલ્ડ્રન કોર્ટમાં ટ્રાયલ ચાલતા સમયે પ્લી લેતા સમયે આ હકીકત નામ. ચિલ્ડ્રન કોર્ટના સાહેબને જણાવવામાં આવેલ નહીં પરંતુ સદરહું કેસ દલીલના સ્ટેજે આવતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની જુવેનાઈલ બોર્ડ ધ્વારા પ્લી રેકર્ડ કરી અને કેસની કાર્યવાહી શરુ કરેલાનું ધ્યાન ઉપર આવેલ છે અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને બોર્ડ સમક્ષ તા.૧૮/૦૫/૨૦૧૮ ના રોજ રજુ કરવામાં આવેલ અને તેનો સાઈકોલોજીસ્ટ રીપોર્ટ તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ સબમીટ થયેલ હોઈ, જેથી બોર્ડ ધ્વારા કમીટ કરવાનો હુકમ તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે એટલે કે ૮ માસ બાદ આ હુકમ કરવામાં આવેલ છે અને આ હુકમ પહેલા બાળકિશોરની પ્લી લઈ અને ટ્રાયલ શરુ કરવા માટે ફરિયાદીને સમન્સ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી કાયદામાં જણાવેલ સમયમર્યાદામાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવેલ ન હોઈ, જેથી બોર્ડ ધ્વારા કરવામાં આવેલ હુકમ કાયદેસરનો ન હોઈ અને આ ઉપરાંત કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ છે કે, ''ગંભીર અથવા અધ્ધમ ગુન્હાનાં કેસમાં તપાસ પુરી કરવા માટે વધારેલો સમય યથાપ્રસંગે ચીફ જ્યુડી. મેજી. અથવા ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ ધ્વારા તે માટેની કારણોની લેખીત નોંધ કરીને સમય વધારાને મંજુર કરવાનો રહેશે.'' જે હકીકત કેસના રેકર્ડમાં તપાસતા આવા કોઈ વધારાનો સમય બોર્ડ ધ્વારા મંજુર કરવામાં આવેલ નથી અને અરજદાર કાયદાથી અજાણ હોઈ જે તે સમયે અપીલ કરી શકેલ નહીં અને ગેરકાયદેસરના હુકમને પડકારી શકેલ નહીં. સદર અપીલમાં તેઓ સફળ થાય તેવા પુરતા સંજોગો છે અને તેઓની અપીલ તેઓને સદરહું કામે થયેલ જાણ મુજબ તા.૧૩/૦૨/૨૦૨૬ નાં રોજ હુકમની સર્ટીફાઈડ નકલ મેળવવા માટે અરજી કરતા તે નકલ તેઓને તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મળેલ છે અને હાલની અપીલ નિયત સમય મર્યાદા પ્રમાણે તા.૧૧/૦૧/૨૦૧૯ થી એક માસ એટલે કે, તા.૧૧/૦૨/૨૦૧૯ સુધીમાં કરવાની હોઈ, પરંતુ અરજદાર કાયદાથી અજાણ હોઈ અને યોગ્ય રીતે રેકર્ડ જોઈ શકેલ ન હોય

અને તેઓની પાસે વકીલશ્રીની નિમણૂંક કરવા માટે કોઈ વ્યવસ્થા ન હોય, જેથી તેઓ અપીલ દાખલ કરી શકેલ નહીં અને તેઓના સગા–સંબંધીઓ ધ્વારા મદદરુપ થતા તેઓના વકીલની નિમણૂંક કરતા ૨૯૪૦ દિવસનો વિલંબ થયેલ છે તે વિલંબ માફ કરવા લીમીટેશન એકટની કલમ–૫ મુજબ હાલની આ અરજી કરેલ છે અને અપીલ દાખલ કરવામાં થયેલ દિવસ ૨૯૪૦ નો વિલંબ માફ કરી, અપીલ રજીસ્ટરે લેવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૨) સદર કામની નોટીસ બજતા, સામાવાળા નં.૧, ૨ તરફે વિ.વ.એ.પી.પી.શ્રી સી.એમ. પરમારે હાજર થઈ દલીલ કરી જણાવેલ છે કે, હુકમ થયા પછી સમયમર્યાદામાં અપીલ દાખલ કરવામાં આવેલ નથી અને દિન–૨૯૪૦ નો વિલંબ થયેલ છે અને વિલંબ માટે જણાવવામાં આવેલ કારણ વ્યાજબી અને ન્યાયીક ન હોઈ, અરજદારની હાલની વિલંબ માફ કરવાની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરના વાલી પિતા દરજ્જે દુલાભાઈ બાબુભાઈ પરમારના વિ.વ.શ્રીએ ઈ.પી.કો. કલમ ૩૭૭, ૩૨૩, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ ૬, ૮ તથા ૧૨ અન્વયે અત્રેની અદાલતમાં અરજી કરી અરજ ગુજારેલ છે કે, પાલીતાણા રુરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૨૫/૨૦૧૮ ના કામે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ–૨૦૧૫ ની કલમ ૧૫ અને ૧૮ અન્વયે કરવામાં આવેલ આંક–૧ હેઠળના હુકમ સામે અપીલ કરવામાં દિન ૨૯૪૦ નો વિલંબ માફ કરવાની આ અરજી મંજુર કરી અપીલ રજીસ્ટરે લેવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. સદર કામે અત્રેની અદાલત પાસે સેશન્સ (સ્પેશ્યલ ચિલ્ડ્રન) કેસ નં.૧૯/૨૦૧૯ નું તમામ રેકર્ડ હાજર હોય તે રેકર્ડની યોગ્ય તે બારીકાઈથી ચકાસણી કરતા વિ. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ અદાલત ધ્વારા તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ જુવેનાઈલ ફોજદારી કેસ નં.૮૪/૨૦૧૮ નો ચિલ્ડ્રન કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરેલ. જે સંદર્ભે હાલના અરજદારને અપીલ કરવામાં થયેલ વિલંબ માફની અરજી ઉપસ્થિત થવા પામેલ છે. જે અરજી સદંર્ભે નીચેની કોર્ટનું રેકર્ડ વંચાણે લેતાં, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ધ્વારા તા.૧૧/૦૧/૨૦૧૯ ના રોજ સદર કેસ અત્રેની અદાલતમાં મોકલી આપ્યા બાદ હાલના અરજદારના વકિલશ્રીની તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજ બચાવપક્ષના વકિલ તરીકે નિમણૂંક

કચેરી આદેશ નં.૬૨/૨૦૧૯ અન્વયે કરવામાં આવેલ, તે હકીકત તા.૧૪/૦૫/૨૦૧૯ ના રોજ વિ.વ.શ્રી ધ્વારા જાહેર કરેલ છે. આમ, જુવેનાઈલ કોર્ટના હુકમ થયાના બે મહિના અને નવ દિવસના સમયગાળા દરમિયાન હાલના અરજદારના વકિલશ્રીની નિમણૂંક સેશન્સ (સ્પે. ચિલ્ડ્રન) કેસ નં.૧૯/૨૦૧૯ ના કામે કરવામાં આવેલ. આમ, તા.૨૦/૦૩/૨૦૧૯ થી અરજદારના વકિલશ્રી ધ્વારા સદર કેસની નિમણૂંક અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની ગેરહાજરી સબબ મુકિતની અરજીઓ આપતા આવેલ છે. ઉપરાંત, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરનું વોરંટ પણ રદ્દ કરાવતા આવેલ છે. તદઉપરાંત, અત્રેની સ્પેશ્યલ ચિલ્ડ્રન કોર્ટ ધ્વારા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર વિરુધ્ધ તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની પ્લી લઈ કામ આગળ ચલાવવામાં આવેલ છે. જેમાં વખતો વખત કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસો લઈ કામ આગળ ચલાવવામાં આવેલ છે. સદર કેસમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનું વિશેષ નિવેદન તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ ચિલ્ડ્રન કોર્ટ ધ્વારા લેવામાં આવેલ છે. અને તે સમય દરમિયાન પણ રોજકામ વંચાણે લેતાં, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તથા તેમના વકિલશ્રી હાજર રહેવા પામેલ છે અને તા.૧૫/૦૬/૨૦૨૩ બાદ તા.૧૦/૦૭/૨૦૨૩ થી સદર કામ દલીલ માટે મુલત્વી થવા પામેલ છે. આમ, છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા ઉપરાંતથી સદર કામ દલીલ માટે યેનકેન પ્રકારે મુલત્વી થવા પામેલ છે. ઉપરોકત તમામ વિગતે અન્ય એક હકીકત રેકર્ડ પર આવવા પામેલ છે કે, આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પ્રથમથી જ સેશન્સ (સ્પેશ્યલ ચિલ્ડ્રન) કેસ નં.૧૯/૨૦૧૯ નું તા.૨૦/૦૩/૨૦૧૯ થી ચલાવવામાં આવેલ છે. આમ, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરના વિ.વ.શ્રી નીચેની જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની તમામ કામગીરીથી માહિતગાર હોવાની હકીકત નકારી શકાય નહીં. ઉપરાંત, સમગ્ર કેસ અરજદારના વિ.વ.શ્રીની હાજરીમાં ચલાવેલ હોય તથા અરજદારના વિ.વ.શ્રી કેસની હકીકતોથી સંપૂર્ણરીતે માહિતગાર હોવાનું જણાઈ આવતુ હોય, તેમની એ હકીકત ટકવાપાત્ર બનતી નથી કે, તેઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરના વાલી પિતા દરજ્જે હાલના અરજદાર કાયદાથી અજાણ હોય

અને યોગ્ય રીતે રેકર્ડ જોઈ શકેલ ન હોય તથા વકિલશ્રીની નિમણૂંક કરવા માટે કોઈ વ્યવસ્થા ન થયેલ હોય, તેથી અપીલ દાખલ કરી શકેલ નહીં, પરંતુ સગા સંબંધીઓ ધ્વારા મદદરુપ થતા વકિલશ્રીની નિમણૂંક કરતા ૨૯૪૦ દિવસનો અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ સમયમર્યાદાના કાયદાની કલમ–પ મુજબ માફ કરવા હાલની અરજી લાવેલ છે. આમ, અરજદારના વકિલશ્રીની ઉપરોકત તેમની અરજીના પેરા–પ ની હકીકતો સાથે અત્રેની અદાલત સહમત થતી ન હોય તથા સંપૂર્ણ રેકર્ડ વંચાણે લેતાં, અરજદારના વિ.વ.શ્રી ધ્વારા સેશન્સ (સ્પેશ્યલ ચિલ્ડ્રન) કેસ નં.૧૯/૨૦૧૯ ની સંપૂર્ણ ટ્રાયલ તેઓ ધ્વારા ચલાવવામાં આવેલ હોય, તેઓ કાયદાથી અજાણ હોય તેથી નિયત સમય મર્યાદામાં અપીલ કરવાની તેઓને જાણકારી ન હોય તે હકીકત ઉપજાવી કાઢેલ પુરવાર થવા પામતી હોય તથા તે મતલબથી અરજી ટકવાપાત્ર બનતી ન હોય, હાલની અરજી મંજુર થવા પાત્ર જણાતી ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) અરજદારની અપીલ દાખલ કરવામાં થયેલ દિન–૨૯૪૦ નો વિલંબ માફ કરવાની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૬'મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર
તા.૧૬/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik